RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

**સુવિચાર**

હિંમત એટલે શું ? એનો અર્થ એ કે પરિણામની પરવા કર્યા વિના તમે કાર્યસિદ્ધિ માટે મથ્યા રહો...



શહેરના સામાકાંઠે વોર્ડ નં.૧૫માં મચ્છરોનું સામ્રાજ્ય P-4

Year-16, Issue-271 ■ DATE : 02-03-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધના પગલે ભારતમાં એલર્ટ

### રાજ્યોને સાવચેત રહેવા કેન્દ્રનો આદેશ, સોશિયલ મીડિયા પર પણ નજર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વ એશિયામાં સર્જાયેલા યુદ્ધના સંકટ અને ઈઝરાયલ-અમેરિકાના હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના મોતના પગલે ભારતમાં પણ તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. આ ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશભરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે એડવાઈઝરી જાહેર કરી છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને ઈરાનના સમર્થન કે વિરોધમાં થઈ રહેલા પ્રદર્શનોને લઈને વિશેષ તકેદારી રાખવા સૂચના આપી છે.

ગૃહ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આંતરરાષ્ટ્રીય ઘટનાઓની અસર ભારતના વિવિધ ભાગોમાં પડી શકે છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે કેટલાક અસામાજિક તત્ત્વો પ્રદર્શનોની આડમાં વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરી શકે છે. આ માટે સ્થાનિક વહીવટી તંત્ર અને ખુફિયા એજન્સીઓને સતર્ક રહેવા અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની પોલીસ સુરક્ષા તૈનાત કરવા જણાવાયું છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ફેલાતી ભડકાઉ પોસ્ટ કે અફવાઓ પર પણ કડક નજર રાખવા આદેશ અપાયા છે, જેથી તણાવ વધતો અટકાવી શકાય. ખામેનેઈના મોત બાદ ભારતના અનેક હિસ્સાઓમાં વિરોધ પ્રદર્શનો શરુ થયા છે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં અનેક વિસ્તારોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે, જેને પગલે સાવચેતીના ભાગરૂપે મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે અને શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. લોકો ખામેનેઈના સમર્થનમાં એકજૂથ થઈને અમેરિકા અને ઈઝરાયલ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે હિંસા ફેલાવનારા કે જાહેર મિલકતોને નુકસાન પહોંચાડનારા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## શેરબજાર ઉંધા માથે પટકાયું



### સોના-ચાંદી અને ક્રૂડમાં આગઝરતી તેજી : રૂપિયો ધડામ : વિશ્વભરની નાણાં બજારને યુધ્ધની કારમી થપાટ : સેન્સેક્સ ૭૯૫૦૦ પહોંચ્યો

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ઈરાન પર અમેરિકા-ઈરાનના પ્રચંડ હુમલા પછી હાલત વધુને વધુ ખરાબ થવા લાગતા નાણાંકીય માર્કેટોમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. શેરબજારમાં સેન્સેક્સ-નિફ્ટી તથા કરન્સી માર્કેટમાં રૂપિયો ધડામ થયા હતા. જ્યારે સોનુ-ચાંદી તથા ક્રૂડતેલમાં જબરદસ્ત તેજી ભડકી ઉઠી હતી.

વિકએન્ડમાં મધ્યપૂર્વમાં યુધ્ધના મંડાણ થવા સાથે જ આજે નવા સપ્તાહના પ્રારંભે જ માર્કેટોમાં જબરદસ્ત ઉથલપાથલ સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવતી જ હતી અને તે મુજબ જ વિવિધ માર્કેટોમાં જબરી ઉથલપાથલ સર્જાઇ હતી.

શેરબજારને લાગે વળગે છે ત્યાં સુધી ભારત સહિત દુનિયાભરના શેરમાર્કેટ ગગડ્યા હતા. ડાઉજોન્સ ફ્યુચર અંદાજીત ૪૦૦ પોઈન્ટ તૂટ્યો હતો. હેંગસેંગમાં ૪૨૫ પોઈન્ટ, સિંગાપોર એસટીમાં ૮૮ પોઈન્ટ, તાઈવાન ઈન્ડેક્સ ૧૯૦ પોઈન્ટ, જાર્કાતા ૧૩૨ પોઈન્ટ ગગડ્યા હતાં.

ભારતીય શેરબજારમાં પણ શરૂઆતથી જ વેચવાલીનો પ્રચંડ મારો શરૂ થઇ ગયો હતો. ગેપડાઉન ખુલ્યા બાદ આંશિક રિકવરી બાદ ફરી નીચે સરકવા લાગ્યો હતો. યુધ્ધની ક્રૂડ સહિતની કોમોડીટીની કિંમતોમાં કેટલી અસર થશે.

સપ્લાઇ ચેઇન કેટલી હદે ખોરવાશે? ભારતીય અર્થતંત્ર પર અસર સહિતની અટકળોને કારણે ગભરાટનો માહોલ હતો. મોટાભાગના ક્ષેત્રોના શેરોમાં ગાબડા હતા. લેવાલીમાં સાવચેતી સામે વેચવાલીનો મારો હતો.

શેરબજારમાં મોટાભાગના શેરો તૂટ્યા હતા. મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૮૦,૦૦૦ તથા નિફ્ટી ૨૫૦૦૦ની નીચે ઉતરી ગયા હતા. એક તબકકે ઇન્વેસ્ટરોના ૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું. સેન્સેક્સ ૮૦૪ પોઇન્ટ ઘટીને ૮૦૪૮૨ સાંપડ્યો હતો. જે ઉંચામાં ૮૦૬૩૨ તથા નીચામાં ૭૮૫૪૩ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૨૪૭ પોઇન્ટના ઘટાડાથી ૨૪૯૩૦ હતો તે ઉંચામાં ૨૪૯૮૯ તથા નીચામાં ૨૪૬૪૫ હતો.

શેરબજારની જેમ કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો પણ ધડામ થયો હતો અને ૩૮ પૈસા ગગડવા સાથે ૯૧.૩૬ ડોલર હતો. યુધ્ધની સૌથી વધુ અસર ક્રૂડતેલમાં હતી તેમાં જોરદાર તેજી ફાટી નીકળી હતી અને ભાવ વર્ષની નવી ઉંચાઇની નજીક પહોંચી ગયો હતો. અખાતના દેશો પણ યુધ્ધની લપેટમાં આવી ગયા છે અને ક્રૂડની સપ્લાયને મોટી અસર થવાની ભીતિથી તેમાં જોરદાર તેજી થઇ હતી.

ડબલ્યૂટીઆઇ ક્રૂડ ૭૦.૮૬ ડોલર સાંપડ્યું હતું. બ્રેન્ટ ક્રૂડ ઉંચામાં ૭૮.૫૨ ડોલર સાંપડ્યું હતું. બ્રેન્ટ ક્રૂડ ઉંચામાં ૭૮.૫૨ ડોલર થઇને ૭૭.૨૦ ડોલર હતું. ઇન્ટ્રા-ડે ૧૦ ટકા સુધીની તેજી થયાના નિર્દેશ હતા. સપ્લાય ચેઇન ખોરવાથી અનેક દેશોમાં કટોકટીની હાલત ઉભી થવાની આશંકા વ્યકત થતી હતી.

બીજી તરફ સોના-ચાંદીમાં પણ તેજી ભડકી હતી. યુધ્ધ જેવા કટોકટીભર્યા સંજોગોમાં સોના-ચાંદીને જ સેફ હેવન એસેટ ગણવામાં આવતા હોય છે અને તેમાં ધૂમ લેવાથી ભાવમાં ઉછાળો હતો. વિશ્વબજારમાં સોનુ ૫૩૬૧ ડોલર સાંપડ્યું હતું.

જ્યારે ચાંદીનો ભાવ ૯૪.૦૮ ડોલર હતો. રાજકોટમાં હાજર સોનુ ૧૭૧૭૫૦ હતું. ચાંદી ૨૯૫૭૦૦ હતી. કોમોડીટી એક્સચેંજમાં સોનાનો ભાવ ઉંચામાં ૧૬૭૯૧૫ થઇને ૧૬૬૯૪૦ સાંપડ્યો હતો. ચાંદીનો ભાવ ૨૯૩૧૫૨ થઇને ૨૯૦૮૨૦ હતો.

## ઈરાનનો ઈઝરાયલ-કતાર અને બહેરીન પર ફરી હુમલો

### ઈરાન અમેરિકા સાથે કોઈ વાતચીત નહીં કરેઃ કુવૈતમાં અમેરિકી ફાઈટર જેટ ક્રેશ





**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન યુદ્ધનો આજે ત્રીજો દિવસ છે. આ દરમિયાન કુવૈતમાં અમેરિકાનું એક ફાઈટર જેટ ક્રેશ થયું છે. જેટ હવામાં ગોળ-ગોળ ફરવા લાગ્યું હતું. થોડીવાર પછી તે જમીન સાથે અથડાયું, જેના કારણે તેમાં આગ લાગી ગઈ. જોકે, પાઈલટે જેટમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો.

બીજી તરફ, ઈરાનના ટોચના રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી અલી લારીજાનીએ સોમવારે જણાવ્યું હતું કે ઈરાન અમેરિકા સાથે કોઈ વાતચીત કરશે નહીં. આ નિવેદન એવા અહેવાલોના જવાબમાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાને અમેરિકા સાથે ફરીથી વાતચીત શરૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

ઈરાને આજે ઈઝરાયલ ઉપરાંત કતાર, બહેરીન અને સંયુક્ત આરબ અમીરાતમાં હુમલા ફરી શરૂ કર્યા છે. બીજી તરફ, આ યુદ્ધમાં હવે લેબનોનનું ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહ પણ સામેલ થઈ ગયું છે.

તેણે ઈઝરાયલમાં ઘણી જગ્યાએ બોમ્બમારો કર્યો છે. હિઝબુલ્લાહને ઈરાન તરફથી સમર્થન મળે છે, હવે તેનું કહેવું છે કે તે ખામેનીના મૃત્યુનો બદલો લઈ રહ્યું છે.

ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનની રાજધાની તેહરાન સહિત ૧૦ મોટા શહેરોને નિશાન બનાવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૭૪૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. એક શાળા પર મિસાઈલ પડવાથી ૧૮૦ વિદ્યાર્થીનીઓના મોત થયા છે અને ૪૫ ઘાયલ છે.

ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાકની રાજધાની બગદાદમાં મિસાઈલ હુમલો કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અહીં જુર્ફ અલ-સખર વિસ્તારમાં ઈરાન સમર્થિત ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહના ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. હુમલામાં ઘણી ઈમારતો, વાહનો અને ગોદામોને ભારે નુકસાન થયું છે અને આગ લાગી ગઈ છે. જોકે, અત્યાર સુધી કોઈના મોત કે ઘાયલ થવાના સમાચાર નથી.

## રાત્રીના વડાપ્રધાનના નિવાસ સ્થાને સલામતી કમિટીની બેઠક મળી

### UAE પર ઈરાનના હુમલાની નિંદા કરતુ ભારત : નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા દર્શાવી




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન પર અમેરિકી ઈઝરાયેલના હુમલા તથા મધ્યપુર્વમાં સર્જાયેલી પરીસ્થિતિ વચ્ચે ગઈકાલે રાત્રીના ૧૦.૩૦ કલાકે વડાપ્રધાન આવાસે સલામતી બાબતોની કેન્દ્રીય કેબીનેટ કમીટીની બેઠક મળી હતી.

જેમાં વડાપ્રધાને સ્થિતિની સમીક્ષા ખાસ કરીને ખામેનેઈના મોત બાદ ઈરાનની સ્થિતિ અંગે ચર્ચા કરાઈ હતી તો જે રીતે યુએઈ સહિતના ગલ્ફમાં ઈરાન હુમલા કરી રહ્યું છે તો અહી ફસાયેલા સેકડો ભારતીયો તથા ૮૦ લાખ જેટલા ઈન્ડીયન ગલ્ફમાં રહે છે તેથી સુરક્ષા અંગે પણ ચર્ચા થઈ હતી. આ બેઠકમાં ગૃહમંત્રી અમીત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમન, વિદેશમંત્રી એસ.જયશંકર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ હાજર હતા. વડાપ્રધાને બાદમાં યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાવેદ અલ તાહમાન સાથે તથા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી તથા નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા દર્શાવી હતી તથા વહેલા યુદ્ધવિરામની આવશ્યકતા પણ બતાવી હતી.

વડાપ્રધાને આ બન્ને વાતચીત અંગે સોશ્યલ મીડીયા હેન્ડલ પર ભારત પ્રાદેશિક શાંતિ-સલામતી-સ્થિરતાના પક્ષે હોવાનું જણાવાયું છે. જો કે ઈરાન અને ખાસ કરીને ખામેનેઈના મોત પર ભારતે મૌન સેવ્યુ છે પણ યુએઈ પર થઈ રહેલા હુમલાની વડાપ્રધાન મોદીએ નિંદા કરી છે તથા ભારત મજબૂત રીતે યુએઈ સાથે ઉભુ હોવાનુ પણ જણાવાયુ છે.

## આ વર્ષે માર્ચથી મે દરમિયાન પડશે કાળઝાળ ગરમી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ વર્ષે માર્ચથી મે સુધીની ઋતુમાં દેશના મોટા ભાગના ભાગોમાં વધુ ગરમી રહેશે. મોટા ભાગના ભાગોમાં અધિકતમ તાપમાન સામાન્યથી અધિક રહેશે. નોર્થ વેસ્ટના કેટલાક ભાગો અને મધ્ય ભારતમાં અધિકતમ તાપમાન સામાન્યથી ઓછું રહેશે.

આઈએમડીએ આગાહી જાહેર કરી છે. ડી.જી. મૃત્યુંજ્ય મહાપાત્રાએ જણાવ્યું હતું કે પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત હરિયાણા, પંજાબ, દક્ષિણી અને પૂર્વી મહારાષ્ટ્ર, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, બંગાળના ગંગીય વિસ્તારો, ઓરિસ્સા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, ઉત્તર ઈન્ટિરિયર કર્ણાટક અને ઉત્તરી તમિલનાડુના કેટલાક ભાગોમાં લૂંનો પ્રકોપ વધુ રહેશે. ૪ થી ૬ માર્ચ સુધી હવામાન વિભાગે કોંકણ અને ગોવા, ગુજરાતમાં શુષ્ક ગરમ અને ભેજવાળા હવામાનનું એલર્ટ જાહેર કરાયું છે. સંભાવના છે કે લૂ શરૂ થઈ જાય. ૨૬ વર્ષમાં તે ફેબ્રુઆરીમાં સૌથી શુષ્ક રહી.

## યુદ્ધ લાંબુ ખેંચાય તો પડશે મોંઘવારીનો માર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં વધતા તણાવની અસર માત્ર તે વિસ્તાર પૂરતી સીમિત રહી નથી, પરંતુ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા પર દેખાઈ રહી છે. ઈઝરાયેલ અને અમેરિકાના હુમલા બાદ ઈરાનની જવાબી કાર્યવાહીથી સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે. આ કાર્યવાહીમાં ઈરાનના સુપ્રીમ લીડરના મોતના સમાચાર બાદ સ્થિતિ કાબૂ બહાર છે. આ સંકટમાં ભારત માટે એ સમજવું જરૂરી છે કે તે ઈરાન પાસેથી શું આયાત કરે છે અને યુદ્ધ જો લાંબુ ખેંચાય તો કઈ વસ્તુઓના ભાવ વધી શકે છે. ભારત અને ઈરાનના સંબંધો વર્ષો જૂના છે. ૧૯૫૦માં બંને દેશોએ ઔપચારિક રાજદ્વારી સંબંધોની શરૂઆત કરી હતી. ૧૯૭૦ના દાયકા પછી વેપારી સંબંધો વધુ મજબૂત બન્યા. અમેરિકાના પ્રતિબંધો હોવા છતાં, બંને દેશોએ ઘણી વખત વૈકલ્પિક ચુકવણી પદ્ધતિઓ અપનાવી છે, જેમાં રૂપિયો-રિયાલ તંત્ર પણ સામેલ રહ્યું છે.

## ખોટા ઈરાદાથી PIL કરનાર શખ્સને ૧૦ લાખ રૂપિયાનો આકરો દંડ ફટકારતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે જાહેર હિતની અરજીના નામે ન્યાયતંત્રનો સમય બગાડનારા અને તથ્યો છુપાવનારા અરજદાર વિરૂધ્ધ લાલ આંખ કરી છે. અમદાવાદની એક ઐતિહાસિક મસ્જિદના બાંધકામ મુદ્દે કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા કોર્ટે અરજદારને ૧૦ લાખ રૂપિયાનો માતબર દંડ ફટકાર્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જાહેર હિતના નામે અંગત એજન્ડા ચલાવવાની મંજૂરી આપી શકાય નહીં. આ કેસની વિગત એવી છે કે અરજદાર કનકસિંહ પરમારે અમદાવાદની જાણીતી ઐતિહાસિક મસ્જિદમાં થઈ રહેલા બાંધકામને ગેરકાયદે ગણાવીને હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ બાંધકામ પુરાતત્વ વિભાગના નિયમોનું ઉલ્લંઘન કરે છે અને તેનાથી ઐતિહાસિક વિરાસતને નુકસાન થઈ રહ્યું છે. જોકે, સુનાવણી દરમિયાન આ અરજી પાછળનો અસલી ઈરાદો કંઈક અલગ જ હોવાનું બહાર આવ્યું હતું. ન્યાયમૂર્તિઓની ખંડપીઠે નોંધ્યું હતું કે અરજદારે કોર્ટથી ખૂબ જ મહત્વની વિગતો છુપાવી હતી. તપાસમાં સામે આવ્યું કે અરજદાર પોતે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ પણ ગંભીર ફરિયાદો નોંધાયેલી છે. કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોમાં અરજદારે પોતાના પર ચાલી રહેલા કેસોની માહિતી છુપાવી હતી, જે ન્યાયિક પ્રક્રિયાની મર્યાદાનો ભંગ સમાન છે.

## આજે હોલિકાદહન, કાલે ખગ્રાસ ચંદ્રગ્રહણ

### બુધવારે પ્રેમ સ્નેહ અને ભાઈચારાના ભાવ સાથે ઉજવાશે ધુળેટી પર્વ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હોલિકા દહન થશે. આજે હોળાષ્ટક સાંજે ૫.૦૯ કલાકે પૂર્ણ થશે. સાંજે ૫.૫૭થી પુનમ તિથિનો પ્રારંભ થશે. આવતીકાલે ખગ્રાસ ચંદ્રગ્રહણ છે. પરંતુ સૌરાષ્ટ્રમાં દેખાવાનું ન હોવાથી ધાર્મિક દ્રષ્ટિએ પાળવાનું નથી છતાં કેટલાક સંપ્રદાયના મંદિરોમાં ચંદ્રગ્રહણના કારણે દર્શનના સમયમાં ફેરફાર થયો છે. મોટા ભાગના મંદિરો, હવેલી વગેરેમાં દર્શનનો ક્રમ યથાવત છે. આજે સાંજે શુભ સમયે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હોલિકાદહન થશે. સૌપ્રથમ હાથમાં જળ લઈને લોકો હોલિકા દહન બાદ સંકલ્પ કરશે મારા શરીરની બધી બાધાઓ દુર થાઓ, રોગ-શત્રુ દુર થાય, સારા આરોગ્યની પ્રાપ્તિ થાય બાદ હોળીમાં શ્રીફળ હોમવું, ત્યારબાદ અબીલ ગુલાલના છાંટણા કરવા, ખજુર અને ધાણી પણ પધરાવી શકાય. હોળીમાં કપુર, લવિંગ પધરાવવાથી વાતાવરણ શુધ્ધ થાય છે. ધર્મ સિંધુ ગ્રંથના અનુસાર હોળીની ત્રણ પ્રદક્ષિણા ફરવી અને પરિવારના સ્વાસ્થ્ય સુખ માટે પ્રાર્થના કરવી તેમજ પાણીના કળશ સાથે પ્રદક્ષિણા વખતે ધારા વહેવડાવવી અને શ્રધ્ધાથી દર્શન કરવા. આજે હોળીના સમયે પવન કઇ દિશામાં વહે છે તેના પરથી આગામી વર્ષના વરસાદનો વરતારો કાઢવામાં આવે છે. આવતીકાલ તા. ૩જીના ખગ્રાસ ચંદ્રગ્રહણ છે જે સૌરાષ્ટ્રમાં દેખાવાનું નથી પરંતુ ભારતના પૂર્વી રાજયોના ચંદ્રગ્રહણ દેખાવાથી ધાર્મિક દ્રષ્ટિએ પાળવાનું રહેશે. તા.૪થીના બુધવારે રંગોનું પર્વ ધુળેટીનો તહેવાર અનેરા ઉલ્લસા અને ઉમંગ સાથે ઉજવાશે. ભાઇચારો, પ્રેમ અને સ્નેહનું પર્વ આબાલ-વૃધ્ધ અનેરા ઉમંગથી ઉજવશે. તા.૪થીના સરકારી રજા છે.

## બંગાળમાં ચૂંટણીના પડઘમ : ૧૫ માર્ચે કોલકાતામાં પીએમ મોદી વિશાળ રેલી સંબોધશે



**મુખ્ય સમાચાર, કોલકાતા**

આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પમિ બંગાળમાં આવી રહ્યા છે. તેઓ ૧૫ માર્ચે મધ્ય કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ રેલીને સંબોધિત કરશે. આ વિશાળ રેલી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પમિ બંગાળ એકમની પરિવર્તન યાત્રાના સમાપન તરીકે પણ ઓળખાશે. બંગાળમાં પરિવર્તન યાત્રા રવિવારે શરૂ થઈ. બંગાળમાં નવ સ્થળોએ નવ અલગ અલગ રેલીઓ યોજાશે.

રવિવારે બંગાળમાં પરિવર્તન યાત્રા શરૂ કરવામાં આવી હતી. તે સોમવાર, ૨ માર્ચે ચાલુ રહેશે. જોકે, ૩ અને ૪ માર્ચે ડોલ યાત્રા અને ૪ માર્ચે હોળી હોવાથી કોઈ રેલી નહીં થાય. રેલીઓ ૫ માર્ચે ફરી શરૂ થશે અને રાજ્યના તમામ ૨૯૪ વિધાનસભા મતવિસ્તારોને આવરી લીધા પછી સમાપ્ત થશે.

ભાજપના રાજ્ય સમિતિના સભ્યએ જણાવ્યું હતું કે આખરે, પરિવર્તન યાત્રા ૧૫ માર્ચે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે વડા પ્રધાનની રેલી સાથે સત્તાવાર રીતે સમાપ્ત થશે. જોકે, વડા પ્રધાન કાર્યાલય દ્વારા સમયપત્રકમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં આવી શકે છે.

આ દરમિયાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સોમવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના રાયદીઘીમાં યોજાનારી નવ રેલીઓમાંથી એકના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે. રાયદીઘી રેલી મૂળ રવિવાર માટે નક્કી કરવામાં આવી હતી પરંતુ બાદમાં સોમવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી. ૧૫ માર્ચે બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી રેલીમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહેશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, જ્યાં પ્રધાનમંત્રી મુખ્ય વક્તા રહેશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પ્રાકૃતિક કૃષિ એટલે જમીનની ફળદ્રુપતા અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિનો નવો સૂર્યોદય




**મુખ્ય સમાચાર, જામનગર**

કુદરતી સંસાધનો અને નૈસર્ગિક પદ્ધતિના સમન્વય સાથે થતી પ્રાકૃતિક ખેતીનું મહત્વ આજે દેશ અને રાજ્યમાં સતત વધી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી એ માત્ર પદ્ધતિ નથી, પરંતુ ગાય આધારિત એક એવી વ્યવસ્થા છે જે જમીનને જીવંત રાખી ખેતીને ટકાઉ બનાવે છે. આ ખેતીમાં દેશી ગાય પાયાની જરૂરિયાત છે, કારણ કે ગાયનું ગોબર અને ગૌમૂત્ર એ જમીનની ફળદ્રુપતા જાળવવા માટે સૂક્ષ્મ જીવાણુઓનો મહાસાગર છે.

ગૌમૂત્ર પાકના વૃદ્ધિ-વિકાસ માટે જરૂરી હોર્મોન્સ અને પોષક તત્વોનો ભંડાર છે, જે પાકને જંતુઓ, વાયરસ અને ફૂગ સામે કુદરતી રક્ષણ પૂરું પાડે છે. જ્યારે ગાયનું ગોબર સૂક્ષ્મ જીવાણુઓનો સ્ત્રોત છે; માત્ર એક ગ્રામ ગોબરમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ જેટલા જીવાણુઓ હોય છે. ગોબર નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ જેવા તત્વો પૂરા પાડી જમીનને સમૃદ્ધ બનાવે છે અને જંતુઓનું જૈવિક નિયંત્રણ કરવામાં પણ અત્યંત અસરકારક સાબિત થાય છે.ગાય આધારિત આ ખેતીમાં જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવા જૈવિક ઘટકો દ્વારા જમીનને ફળદ્રુપ બનાવી શકાય છે. વિવિધ અસ્ત્રોના ઉપયોગથી પાક સંરક્ષણ થતા ખેડૂતોએ બજારમાંથી મોંઘા ફર્ટિલાઈઝર કે જંતુનાશકો ખરીદવાની જરૂર રહેતી નથી. પરિણામે, ઉત્પાદન ખર્ચમાં ધરખમ ઘટાડો થાય છે અને ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બને છે.સરકાર દ્વારા ખેડૂતો આ વિષચક્રમાંથી મુક્ત થઈ સમૃદ્ધિ તરફ અગ્રેસર થાય તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# જામનગર નવાગામ ઘેડમાં બિનવારસુ કારમાંથી ઈંગ્લીશ દારૂ મળ્યો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં એક બિનવારસુ કારમાંથી ઈંગ્લીશ દારૂની ૩૬ બોટલ મળી આવતા એલસીબીની ટુકડીએ મુદ્દામાલ કબ્જે કરી આરોપીની શોધખોળ આદરી છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ વી.એમ. લગારીયા, પીએસઆઇ કાંટલીયા, પીએસઆઇ ભાટીયાના માર્ગદર્શન મુજબ સ્ટાફના કિશોરભાઇ, ધર્મેન્દ્રસિંહ તથા ભરતભાઇને ચોક્કસ બાતમી મળી હતી, કે નવાગામ ઘેડ સ્વામીનારાયણ નગર વિસ્તારમાં પાર્ક કરેલી એક કારની અંદર ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો સંતાડ્યો છે, જે બાતમીના આધારે પોલીસ ટુકડીએ દરોડો પાડયો હતો.જે દરોડા દરમ્યાન આઇ-૧૦ કાર નં. જી.જે.-૩ એફકે-૮૬૯૪ બીનવારસુ હાલતમાં મળી આવી હતી. જેનો દરવાજો ખોલાવીને અંદર ચેક કરતાં કારમાંથી ૩૬ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો

આથી પોલીસે ઈંગ્લીશ દારૂ અને કાર વગેરે સહિત કુલ રૂપિયા ૩,૬૧,૨૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે, જયારે વાહનના રજીસ્ટ્રેશનના નંબરના આધારે તેના ચાલક ની શોધ ખોળ હાથ ધરી છે.

# ઉનાના સીમર ગામે આડા સંબંધની શંકાએ પતિએ પત્નીને દસ્તો મારીને પતાવી દીધી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના સીમર ગામે રવિવારે બપોરે એક હૃદયદ્રાવક ઘટના બની છે આ ઘટના બનતા ઉના સરકારી હોસ્પિટલે ટોળેટોળા ઉમટી પડ્યા હતા પ્રાત માહિતી અનુસાર સીમર ગામે રહેતા લછુબેન ડાભી તેમના ઘરમાં છેલ્લા ઘણા સમયથી ઘર કંકાસ ચાલતો હતો ચાલતો હતો જેને લઈને તેમના પતિ અવારનવાર તેમના પતિ શંકા કરતા જેના લઈને રવિવારે બપોર દરમિયાન હૃદયદ્રાવક ઘટના બની છે. વાડી વિસ્તારમાં રહેતા દંપતી વચ્ચે થયેલા ઝઘડાએ લોહીયાળ વળાંક લીધો હતો.



આવેશમાં આવી ગયેલા પતિએ પત્નીના માથામાં દસ્તાના ઘા ઝીંકી તેની કરપીણ હત્યા નીપજાવી હતી. મહિલા ને તરત જ ઉના સરકારી હોસ્પિટલે લાવવામાં આવ્યા ત્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં શોખનું માહોલ સર્જાયો હતો

# જામનગર જિલ્લામાં ટ્રાફિક પોલીસ ડ્રાઈવ યોજાઈ

## ૨૭ વાહનો ડિટેઈન કરાયા, રૂ. ૬૮,૫૦૦ના હાજર દંડની વસૂલાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પોલીસ દ્વારા સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઇવ યોજવામાં આવી હતી અને ૨૭ વાહન ડિટેઈન કરવામાં આવ્યા હતા. તેમજ હાજર દંડની પણ વસૂલાત કરવામાં આવી હતી.





જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ ટ્રાફિક ડ્રાઈવ દરમ્યાન એમ.વી.એક્ટ, કારમા બ્લેક ફિલ્મ,નંબર પ્લેટ વગર તથા ફેન્સી નંબર પ્લેટ વાળા વાહન ચાલકો તથા જી.પી.એક્ટ, કેફી પીણુ પીધેલ હાલતમા વાહન ચલાવતા વાહન ચાલક વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી અંગેની સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઇવ માટે સૂચનાઆપી હતી.જેથી જામનગર જીલ્લા પોલીસ દ્વારા સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઇવ કરવામાં આવી હતી.જેમાં એમ.વી.એક્ટ કલમ-૨૦૭ હેઠળ ૨૭ વાહન ડીટેઈન કરવામાં આવ્યા.હતા. , એમ.વી.એક્ટ કલમ-૧૮૫ હેઠળ ૧૨ કેસ , હથિયાર જાહેરનામા ભંગ હેઠળ ૫ કેસ, બી.એન.એસ કલમ-૨૮૧ કેસ અન્વયે ૧ કેસ , બી.એન.એસ કલમ-૨૮૫ હેઠળ એક કેસ , ફોરવ્હીલ કાર મા બ્લેક ફિલ્મ નંબર પ્લેટ વગરના વાહન, ફેન્સી નંબર પ્લેટ વાળા હેઠળના કુલ કેસો-૧૨૩ કરવામા આવ્યા છે. એમ. વી. એક્ટ.હાજર દંડ ના ૭૯ કેસમાં રૂપિયા-૬૮,૫૦૦ની વસૂલાત કરવામાં આવી હતી. કુલ ૮૩૧ વાહન ચેક કરવામાં આવ્યા હતા.આ કામગીરી મદદનીશ પોલીસ અધિક્ષક લાલપુર વિભાગ , નાયબ પોલીસ અધિક્ષક, શહેર વિભાગ.ગ્રામ્ય વિભાગ ના સુપરવિઝન હેઠળ, તમામ થાણા અધિકારી, પોલીસ ઈન્સપેક્ટર તથા એલ.સી.બી. એસ.ઓ.જી, ટ્રાફિક શાખા,પો.સબ ઈન્સ.પેરોલ ફલો સ્કોડ તથા પોલીસ સ્ટેશન ના પો.સબ ઈન્સ તથા સ્ટાફ દ્વારા કાર્યવાહી કરવામા આવી હતી.

# ઉનાના નવાબંદર મરીન પોલીસ દ્વારા દુષ્કર્મના આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરતા લોકોના ટોળેટોળા ઉમટયા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકામાં એક પુવતીને ધાકધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરવાનો અને ત્યારબાદ તેનું અપહરણ કરી ગોંધી રાખવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ ચકચારી બનાવમાં નવામંદર મરીન પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્વરિત કાર્યવાહી કરી મુખ્ય આરોપી મામદ ફરીદ ઉર્ફે ફરાનભાઈ હારનભાઈ મલેકને ઝડપી પાડયો છે. ત્યારબાદ તેનો રિકોનટેશન કરવામાં આવ્યું છે પ્રાત માહિતી અનુસાર પોલીસ કરિયાદ મુજબ, ઉના તાલુકાના એક ગામની યુવતી માછીમારીના દંગામાં શ્રમિક તરીકે કામ કરતી હતી. આ દરમિયાન તેનો પરિચય પ્રભાસ પાટણના મહમદ ફરીદ ઉર્ફે કરાનભાઈ હારનભાઈ મલેક સાથે થયો હતો. યુવક વારંવાર પુવતીને હેરાન કરતો અને ધાડપમકી આપતો હતો.

આરોપીએ યુવતીને ડરાવી-ધમકાવી તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. યુવતીએ આરોપીને આજીજી કરતા જણાવ્યું હતું કે તેની સગાઈ થઈ ગઈ છે અને લગ્નની તારીખ પણ નજીક છે, જેથી તેને હેરાન ન કરે. તેમ છતાં, યુવકે તેને ધમકાવીને કોડીનાર બોલાવી હતી.કોડીનારમાં આરોપીના મિત્ર આવેલાના કહેવાથી પુવતીને બળજબરીથી કારમાં બેસાડી જૂનાગઢ લાવવામાં આવી હતી અને ત્યાંથી અમદાવાદ બસમાં મોકલી



આપવામાં હતી. અમદાવાદમાં તેને એક પી.જી.માં ગોંધી રાખવામાં આવી હતી.આ ઘટનાની જાણ થતાં નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ એચ એૅલ જેબલિયા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ રાઠોડ સાહેબ તેમજ અને તેમની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી અને અમદાવાદથી પુવતીનો હેમખેમ કબજો મેળવી લીધો હતો. પરિવારજનોની હાજરીમાં પુવતીએ પોતાની આપવીતી જણાવતા, પોલીસે આરોપી મહમદ ફરીદ અને તેના મિત્ર અવેશ વિરુદ્ધ ઈગજ ની કલમ ૬૪(૧), ૮૭, ૩૫૧(૩) અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે મુખ્ય આરોપી મહમદ ફરીદને ઝડપી પાડ્યો છે, જ્યારે આ ગુનામાં મદદ કરનાર તેના મિત્ર અવેશની સઘન શોધખોળ ચાલી રહી છે. નવાબંદર પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે નવાબંદર મરીન પોલીસની સુંદર કામગીરી જોવા મળી છે

# મોરબીના રફાળેશ્વર ગામે ભંગારના ડેલામાં ભીષણ આગ લાગી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલ ભંગારના ડેલામાં કોઈ કારણોસર ભીષણ આગ લાગતા તાત્કાલિક ફાયર વિભાગ દોડ્યું હતું. વોટર બાઉઝર અને મિનિ ફાયર દ્વારા આગ કાબુમાં લેવા પ્રયાસો હાથ ધરાયા હતા. ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

મોરબીના રફાળેશ્વર ગામે રફાળેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં આવેલ ભંગારના ડેલામાં આગ લાગ્યાની જાણ ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવી હતી. કોલ મળતા જ ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ વધુ પ્રમાણમાં હોવાથી એક વોટર બાઉઝર અને એક મિનિ ફાયર ગાડી દ્વારા આગ પર કાબુ મેળવવા



પ્રયાસો હાથ ધરાયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ ડેલામાં અંદાજે ત્રણ જેટલા ગેસ સિલિન્ડર મુકાયેલા હતા, જેને સમયસૂચકતા દાખવી સ્થાનિકોએ સલામત રીતે બહાર કાઢી લીધા હતા, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. હાલ આગ કાબુમાં લેવા કામગીરી ચાલુ છે અને સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી.

# માળીયા(મી)ના વેણાસર ગામે દેશી દારૂનો જંગી જથ્થો પકડાયો, આરોપી ફરાર

## ૧૮૦૦ લીટર આથો અને ૩૦૦ લીટર તૈયાર દેશી દારૂ સાથે પોલીસે રૂ.૧.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે બાતમીને આધારે વેણાસર ગામની સીમમાં રેઇડ કરતાં ૩૦૦ લીટર દેશી દારૂ અને ૧૮૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો પકડી પાડવામાં આવ્યો છે. રેઇડ દરમિયાન આરોપી હજાર નહિ મળી આવતા તેને પોલીસે ફરાર દર્શાવી તેને લાકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

માળીયા(મી) પોલીસ સ્ટેશનના પીઆઇના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ ટીમ દ્વારા વિસ્તારમા દારૂ વિરોધી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તે દરમ્યાન સ્ટાફને બાતમી મળી હતી કે વેણાસર ગામની સીમમાં આમીન ઉર્ફે ટકી નામનો શખ્સ દેશી દારૂની ભઠ્ઠી ચલાવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વેણાસર ગામની સીમમાં રેઇડ કરતા સ્થળ પરથી ૩૦૦ લીટર તૈયાર દેશી દારૂ કિ.રૂ.૬૦ હજાર તથા ૧૮૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો કિ.રૂ.૪૦ હજાર એમ કુલ કિ.રૂ.૧,૦૫,૦૦૦/- નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી આમીન ઉર્ફે ટકી ઇસ્માઇલભાઈ મોવર રહે. વેણાસર ગામ વાળો સ્થળ ઉપર હાજર મળી આવ્યો ન હતો જેથી તેને ફરાર જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે તેની વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# ઉનાના વડવીયાળા ગામે વેપારીનો અશ્લિલ વીડિયો બનાવી ખંડણીની માંગ કરતા ચાર શખ્સોને પોલીસે ઝડપી લીધા

## વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને રૂ.૩૦ લાખની ખંડણી માગતા પોલીસ ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના વડવીયાળા ગામના ઈમરાન મેરુ શોઢા, યાકુબ મેરુ શોઢા, કલ્પેશ નાનુ વંશ, મિલન રવી કામળિયા અને એક અજાણ્યા ઇસમ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓએ અગાઉ આકોલવાડી ગામના એક સરકારી શિક્ષકનો વીડિયો ઉતારી બ્લેક મેઈલિંગ કરીને ખંડણી વસૂલવા ના ગુન્હામુ અગાઉ પોલીસે આરોપીએને પકડી પાડયા હતાં આ આરોપી જેલમાં હોય ત્યારે વધું એક વેપારી પાસેથી ખંડણી માંગી હોવાનો ગુન્હો ગીરગઢડા પોલીસ મા નોંધાયેલ હોય આ નવા કેસમાં જેલ મા રહેલાં ચાર આરોપી નો કબજો મેળવી વેપારી નો અશ્વલીલ વિડીયો અને ધાકધમકી આપી ૩૦ લાખ ની ખંડણી બાબતે વધુ તપાસ હાથ ધરી ને પુછપરછ કરી છે ગુનાહમાં પાંચમો આરોપી ફરાર હોય તેને પણ પકડી પાડવા તજવીજ હાથ ધરી છે થોડા સમય પહેલા મુળ કોડીનાર રહીશ અને આંકોલવાડી શાળા મા ફરજ બજાવતા શિક્ષક ને બદલામ કરી ખંડણી માંગી હતી તે શિક્ષકે ગીરગઢડા પોલીસ મા આરોપી વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી અને તે ગુન્હા મા આરોપી ની ધરપકડ કરી લેવાયા બાદ વધું એક ખંડણી દબુ હેઠળ ચાર શખ્શો ને ઝડપી લેવા મા આવતાં ગીર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે ગીર ગઢડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# વાંકાનેર પોલીસે બે બુટલેગરોને પાસા હેઠળ ડિટેઇન કરી મધ્યસ્થ જેલ હવાલે કર્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસે પ્રોહીબીશન ગુનાઓમાં સંડોવાયેલા બે બુટલેગરો સામે પાસા કાયદા હેઠળ કાર્યવાહી કરી ડિટેઇન કર્યા છે. પાસા વોરંટના આધારે બંન્નેને ઝડપી લઈ એકને ભાવનગર મધ્યસ્થ જેલ અને એકને જુનાગઢ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસવડા મુકેશ પટેલ દ્વારા જીલ્લામાં પ્રોહીબીશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાબૂદ કરવા દારૂના ધંધાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી છે. તે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ પાસા જેવા અટકાયતી પગલાં લેવા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. હતા. જેથી વાંકાનેર સીટી પોલીસ મથકના પીઆઇ એચ.એ. જાડેજા દ્વારા પ્રોહીબીશન ગુનાઓમાં સંડોવાયેલા ઇસમો વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી, વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક તથા મોરબી પોલીસ અધિક્ષક મારફતે મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા તેઓએ આરોપી દિપાલ મુકેશભાઇ સંખેસરીયા ઉવ.૨૨ રહે. હરસિદ્ધિ હોટલ પાસે વાંકાનેર અને આરોપી ઈન્દ્રજીત રાજુભાઇ ગોસ્વામી (બાવાજી), ઉવ.૨૩ રહે. કેરાળા તા. વાંકાનેર વાળા વિરુદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. પાસા વોરંટ ઈસ્યુ થયા બાદ પીઆઇ તથા વાંકાનેર સીટી પોલીસ મથકની સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમીના આધારે બંન્ને ઇસમોને ઝડપી પાડી પાસા વોરંટની બજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ દિપાલ સંખેસરીયાને ભાવનગર મધ્યસ્થ જેલ તથા ઈન્દ્રજીત ગોસ્વામીને જુનાગઢ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

આ સફળ કાર્યવાહીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજા, એ.એસ.આઇ જનકભાઇ મોરવાડીયા, પો.હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ પરમાર, ધર્મેન્દ્રભાઇ વાઘડીયા, રવિભાઇ લાવડીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, વિશ્વરાજસિંહ ઝાલા, પો.કોન્સ્ટેબલ રાણીંગભાઇ ખવડ, વિપુલભાઇ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા તથા જગદીશભાઇ રંગપરા સહિતના જોડાયેલા હતા.

# મોરબી જીલ્લાના શિક્ષણ સંબંધિત ૨૭ મુદ્દાઓ રાજ્ય કારોબારી સમક્ષ રજૂ કરાયા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના વિવિધ તાલુકામાંથી આવેલા શિક્ષકો અને શિક્ષણ સંબંધિત પ્રશ્નોને રાજ્ય કારોબારી બેઠકમાં વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. જૂની પેંશન યોજના, જિલ્લાફેર બદલી, પગાર ધોરણ, શિષ્યવૃત્તિ, મહેકમ અને પોર્ટલની સમસ્યાઓ સહિત ૨૭ મુદ્દાઓ પર ચર્ચા કરી ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી.

મોરબી જીલ્લાના તમામ તાલુકાઓમાંથી શિક્ષણ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નો એકત્રિત કરી રાજ્ય કારોબારી બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. જીલ્લા પ્રતિનિધિઓએ ખાસ કરીને વર્ષ ૨૦૦૫ બાદ નિયુક્ત થયેલા શિક્ષકોને જૂની પેંશન યોજના લાગુ કરવી, જીલ્લાફેર બદલી કેમ્પ તાત્કાલિક યોજવો અને ૧૯૯૮થી નિમણુંક પામેલા શિક્ષકોની માંદગી રજાઓ કેરી ફોરવર્ડ કરવાની માંગ ઉઠાવી હતી. તે ઉપરાંત ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા સિનિયર શિક્ષકોને મહેકમમાં ગણતરી અને ચાર્જ એલાઉન્સમાં વધારો, શાળાઓમાં એસએમસીને મળતી ગ્રાન્ટ વર્ષની શરૂઆતમાં જ ફાળવ-વી, એકાઉન્ટન્ટની નિમણૂંક, ધોરણ ૩થી ૫માં તાસ પદ્ધતિ રદ કરવી, ધોરણ ૬થી ૮ના શિક્ષકોને અલગ પગારધોરણ અને ૪૨૦૦ ગ્રેડ પે આપવા સહિતના મુદ્દાઓ રજૂ થયા હતા.

શિષ્યવૃત્તિ પ્રક્રિયા સરળ બનાવવી, CETમાં મેરિટ ધરાવતા વિદ્યાર્થીઓને સરકારી અને ખાનગી શાળામાં સમાન શિષ્યવૃત્તિ આપવી, લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોને વર્ગ-૨ પરીક્ષા માટે પાત્ર ગણવા, સમગ્ર નોકરી દરમિયાન બે વખત જીલ્લાફેરની જોગવાઈ, વધારાના ભથ્થાં અને નિવૃત્તિ ગ્રાન્ટ સમયસર ચૂકવવા જેવી માંગણીઓ પણ રાજ્ય કારોબારી સમક્ષ રજુ થઈ હતી. અત્યારના સમયમાં વિવિધ પોર્ટલ અને એપ્લિકેશન (CTS, UDIS+, દિક્ષા, G-SHALA વગેરે)ની જગ્યાએ એક જ સંકલિત પોર્ટલ બનાવવાની માંગ, શિક્ષકો પાસેથી બિનશૈક્ષણિક કામગીરી અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી, ખાનગી મોબાઈલ અને ડેટાના ઉપયોગ પર રોક લગાવવી તથા નવરચિત મોરબી જીલ્લાના શિક્ષકોના નાણાં ટ્રાન્સફર કરવા બાબત પણ ઉઠાવવામાં આવી હતી. આ રજૂઆત દરમિયાન જીલ્લાના અધ્યક્ષ દિનેશભાઈ વડસોલા, મંત્રી કિરણભાઈ કાચરોલા, રાજ્ય પ્રતિનિધિ કરશનભાઈ ડોડીયા, કાર્યકારી અધ્યક્ષ પ્રવિણભાઈ ધોળુ, સહ કોષાધ્યક્ષ રમેશભાઈ ચાવડા, પ્રચાર મંત્રી હરમીતભાઈ પટેલ તથા નિરવભાઈ બાવરવા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પિતા સમાન વ્યક્તિએ ૧૭ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચર્યુઃ ફરિયાદ નોંધાઈ

## પરિવાર સાથે પિતા તરીકે રહેતા નરાધમે સગીરાને પ્રેમજાળમાં ફસાવી અવારનવાર શારીરિક શોષણ કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં માતાના પ્રેમીએ ૧૭ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી બે થી ત્રણ વખત કિશોરીનો દેહ ચુથ્યો હોવાના ચકચારી બનાવની સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ પોકસો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરમાં એક ગંભીર બનાવ સામે આવ્યો છે, જેમાં માતા સાથે પતિની જેમ રહેતા આરોપી આશિષભાઈ રમેશભાઈ ભંખોડીયા ઉવ.૩૫ રહે.જવાહર સોસાયટી શેરી નં.૩ ભડિયાદ કાંટાની પાછળ મોરબી-૨ વાળાએ તેની સગીર વયની દીકરી સમાન કિશોરીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યો હોવાના આક્ષેપ સાથે પીડિતાની માતા દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ આરોપી છેલ્લા એક વર્ષથી પરિવાર સાથે રહેતો હતો. અને પરિવારનો વિશ્વાસ જીતી બાળકોની સંભાળ લેવાની જવાબદારી સ્વીકારવાનું વચન આપ્યું હતું. આ દરમિયાન આરોપીએ ૧૭ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી-ફોસલાવી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. સાથે જ સગીરાના ફોટોગ્રાફ લઈ જો કોઈને વાત કરશો તો ફોટા વાયરલ કરી દેશે અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(એમ), ૩૫૧(૩) તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીના અયોધ્યાપુરી મેઈન રોડ ઉપરથી બિયરના ટીન સાથે એકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન અયોધ્યાપુરી મેઈન રોડ ઉપર મચ્છો માતાજીના મંદિર સામે શંકાસ્પદ હાલતમાં નીકળેલ શખ્સની અંગ ઝડતી લેતા, પેન્ટના નેફામાં છુપાવી રાખેલ કિંગ ફિશર બિયરનું એક ટીન કિ.રૂ.૧૫૦/-મળી આવતા આરોપી મુસ્તાક ઉર્ફે મુસો જુસબભાઈ કટીયા ઉવ.૨૮ રહે. અયોધ્યાપુરી મેઈન રોડ મદીના પેલેસ સામે મોરબી વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લાખા-બાવળ સ્ટેશન પર રદ કરાયેલા તમામ સ્ટોપેજ તાત્કાલિક અસરથી પુનઃ શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ રેલવે સ્ટેશન પર નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્યને કારણે કામચલાઉ ધોરણે રદ કરવામાં આવેલા ટ્રેનોના સ્ટોપેજ હવે તાત્કાલિક અસરથી પુનઃ શરૂ કરવામાં આવ્યા છે. એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન વિભાગ દ્વારા લાખાબાવળ સ્ટેશન પર બંને પ્લેટફોર્મ તથા ફૂટ ઓવર બ્રિજનું કાર્ય પૂર્ણ કરી તેને સંચાલન માટે સોંપવામાં આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ તારીખ ૨૬ ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી નીચે મુજબની ટ્રેનોના સ્ટોપેજ કામચલાઉ ધોરણે રદ કરવામાં આવ્યા હતા, જે હવે ફરી શરૂ કરી દેવામાં આવ્યા છે

પુનઃ શરૂ કરાયેલા સ્ટોપેજની વિગત : (૧) ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર--ઓખા એક્સપ્રેસ ૨૮-૨-૨૬ થી શરૂ., (૨) ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા--ભાવનગર એક્સપ્રેસ ૧-૩-૨૬ થી શરૂ., (૩) ટ્રેન સંખ્યા ૫૯૫૫૨ ઓખા--રાજકોટ લોકલ ૨૮-૨-૨૬ થી શરૂ., (૪) ટ્રેન સંખ્યા ૫૯૫૫૧ રાજકોટ--ઓખા લોકલ ૨૮-૨-૨૬ થી શરૂ

હવે ઉપરોક્ત ટ્રેનો લાખાબાવળ સ્ટેશન પર નિયમ મુજબ ઉભી રહેશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ટ્રેનોના પરિચાલન સંબંધિત અદ્યતન માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# ઈરાન ઈઝરાયેલ યુદ્ધમાં ફસાયેલા રાજકોટ જિલ્લાના નાગરિકો માટે જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર

## ભારતીય દુતાવાસ દ્વારા જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરવા તથા ઈ-મેલ આઈડી અને હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવા નાગરિકોને અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલમાં ચાલી રહેલ ઈરાન-ઈઝરાયેલ યુધ્ધના કારણે ખાડી દેશોમાં કટોકટીની પરિસ્થિતિ સર્જાયેલ છે. જેના અનુસંધાને ખાડી દેશોમાં રાજકોટ જિલ્લાના કોઈ નાગરિક ફસાયા હોય અને મદદની જરૂરીયાત હોય તો તે માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ દ્વારા નીચેની વિગતે હેલ્પ લાઇન નંબર જાહેર કરવામાં આવેલ છે. જેના પર સંપર્ક કરવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

હેલ્પ લાઈન નંબર - (૧) ૦૨૮૧-૨૪૭૧૫૭૩., (૨) ૦૨૮૧-૨૪૧૦૧૦૦

આ ઉપરાંત, પશ્ચિમ એશિયામાં આવેલી ભારતીય દૂતાવાસોએ ભારતીય નાગરિકોને વધુમાં વધુ સાવચેતી રાખવા, સત્તાવાર માર્ગદર્શિકાનું પાલન કરવા અને અનાવશ્યક અવરજવર ટાળવા સલાહ આપી છે. તાત્કાલિક પરિસ્થિતિમાં સમયસર સહાયતા મળી રહે તે માટે દૂતાવાસોએ ૨૪૭ હેલ્પલાઈન નંબર અને ઈ-મેલ આઈ.ડી. પણ જાહેર કર્યા છે.

ઈઝરાયલમાં કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિમાં, લોકો ૨૪×૭ હેલ્પલાઈન નંબર +૯૭૨-૫૪-૭૫૨૦૭૧૧ અને +૯૭૨-૫૪-૨૪૨૮૩૭૮ પર સંપર્ક કરી શકે છે અથવા consl.telaviv@mea.gov.in પર ઈમેલ કરી શકે છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે પણ તાત્કાલિક સંપર્ક નંબર જાહેર કર્યા છે +૯૮૯૧૨૮૧૦૯૧૧૫, +૯૮૯૧૨૮૧૦૯૧૦૯, +૯૮૯૧૨૮૧૦૯૧૦૨ અને +૯૮૯૯૩૨૧૭૯૩૫૯. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસનો ટોલ-ફ્રી નંબર ૮૦૦-૪૬૩૪૨ છે, વોટ્સએપ નંબર +૯૭૧૫૪૩૦૯૦૫૭૧ છે. લોકો pbsk.dubai@mea.gov.in અને ca.abudhabi@mea.gov.in પર ઈમેલ દ્વારા પણ સંપર્ક કરી શકે છે. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે ૨૪×૭ તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮ (માત્ર વોટ્સએપ) અને ટોલ-ફ્રી નંબર ૮૦૦ ૨૪૭ ૧૨૩૪ જાહેર કર્યા છે. સહાય માટે cw.riyadh@mea.gov.in પર પણ સંપર્ક કરી શકાય છે. દોહા સ્થિત ભારતીય દૂતાવાસ સામાન્ય રીતે કાર્યરત છે. તેની ૨૪×૭ હેલ્પલાઈન સંખ્યા ૦૦૯૭૪-૫૫૬૪૭૫૦૨ છે અને પ્રશ્નો cons.doha@mea.gov.in પર મોકલી શકાય છે. ડમાસ્કસ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક +૯૬૩-૯૯૩૩૮૫૯૭૩ પર કરી શકાય છે, eoidamascus.gov.in પર મુલાકાત લઈ શકાય છે અથવા cons.damascus@mea.gov.in પર ઈમેલ કરી શકાય છે. બગદાદ સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક નંબર +૯૬૪ ૭૭૧ ૬૫૧ ૧૧૮૫ (અંગ્રેજી અને હિન્દી) અને +૯૬૪ ૭૭૦૪૪૪ ૪૮૯૯ (અરબી) છે. eoibaghdad.gov.in પર મુલાકાત લઈ શકાય છે અથવા cons.baghdad@mea.gov.in, consl.baghdad@mea.gov.in અને pol.baghdad@mea.gov.in પર ઈમેલ કરી શકાય છે.

રામલ્લાહમાં તાત્કાલિક પરિસ્થિતિમાં લોકો +૯૭૦૫૯૨૯૧૬૪૧૮ પર સંપર્ક કરી શકે છે અથવા repoffice@mea.gov.in અને cons.ramallah@mea.gov.in પર ઈમેલ કરી શકે છે. કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસ સાથે community.kuwait@mea.gov.in પર ઈમેલ દ્વારા અથવા +૯૬૫૬૫૫૦૧૯૪૬ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી શકાય છે. બહરીન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને દૂતાવાસ અને સ્થાનિક સત્તાધિકારીઓ દ્વારા જારી કરાયેલા સૂચનોનું પાલન કરવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે. તેની ૨૪×૭ હેલ્પલાઈન સંખ્યા ૦૦૯૭૩-૩૯૪૧૮૦૭૧ છે. જોર્ડન સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક ૦૦૯૬૨-૭૭૦ ૪૨૨ ૨૭૬ પર કરી શકાય છે.

# ટંકારા હમીરપર નજીક ઇકો કારમાંથી વિદેશી દારૂની ૬૧ બોટલ સાથે એક ઝડપાયો, સહ આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાના હમીરપર ગામ પાસે પોલીસે પૂર્વ બાતમીને આધારે રેઇડ કરતા ઇકો કાર અને વાડી વિસ્તારમાંથી વિદેશી દારૂની કુલ ૬૧ બોટલ સાથે પરપ્રાંતિય એક ખેત શ્રમિક ઝડપાયો છે, જ્યારે તેનો સાથીદાર નાસી ગયો હતો. પોલીસે ઇકો કાર સહિત રૂ.૧.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બન્ને આરોપી સામે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધ્યો છે.

ટંકારા પોલીસને બાતમી મળતા હમીરપર ગામના પાટીયા સામે મહાદેવ મંદિર પાસે આવતા કાચા રસ્તા ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી પોલીસે ગ્રે કલરની ઇકો કાર રજી.નં. જીજે-૧૬-બીજી-૦૭૩૧ની તલાસી લેતા કારની પાછળની સીટમાંથી તેમજ રહેણાંક ઓરડીની બાજુમાં આવ પડતર વોકળામાંથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડ તેમજ ક્ષમતાની કુલ ૬૧ નંગ બોટલ કિ.રૂ.૧૮,૦૪૫/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી મેરસિંહ ઉર્ફે નરશીભાઇ જુવાભાઇ મેડા ઉવ.૩૮ રહે.હાલ છત્તર ગામની સીમ ભરતભાઇ પટેલની વાડીમા તા.ટંકારા મુળરહે-મંડાર ગામ તડવી ફળીયા થાના જી.અલિરાજપુર(એમપી) વાળાની અટકાયત કરી હતી. જ્યારે તેની સાથે સંડોવાયેલ સહઆરોપી પ્રદિપભાઇ ખુમસીંહ મંડોર હાલ રહે-હમીરપર ગામની સીમ છગ્ગનભાઇ ભાણજીભાઇ ચિકાણીની વાડીમા મુળરહે-મંડાર ગામ તડવી ફળીયા થાના જી.અલિરાજપુર રાજ્ય મધ્યપ્રદેશ વાળો સ્થળ ઉલરથી નાસી ભાગી ગયો હતો. હાલ ટંકારા પોલીસે ઇકો કાર કિ.રૂ.૧.૫૦ લાખ તથા દારૂ સહિત કુલ રૂ.૧,૬૮,૦૪૫/-નો મુદ્દામાલ કબ્જે લઈ ફરાર આરોપીને ઝડપી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગરના માધાપર ભૂંગામાં રહેતી ૧૭ વર્ષિય તરુણીનો ગળાફાંસો ખાઇ આપઘાત

જામનગર નજીક માધાપર ભુંગા વિસ્તારમાં રહેતી યાસ્મીનબેન ઇશાકભાઈ ભગાડ નામની ૧૭ વર્ષીય વાઘેર જ્ઞાતિની તરુણીએ ગઈકાલે પોતાના ઘેર પંખા ના હુકમા સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના કાકા અબ્બાસ હશનભાઈ ભગાડે પોલીસને જાણ કરતાં બેડી મરીનપોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એસ કે જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા અને યાસમીનબેન મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને સમગ્ર બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના રાજપર ગામે વિદેશી દારૂના ૧૦ ચપલા સાથે પરપ્રાંતિય ખેત શ્રમિકની અટક

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રાજપર ગામની સીમમાં રાજપર-નસીતપર રોડ ઉપર ઓપેકસી કારખાના પાસે શંકાસ્પદ હાલતમાં આવતા આરોપી હિમચંન્દ્ર લાલચંન્દ્ર ભાભર જાતે આદિવાસી ઉવ.૪૦ રહે-રાજપર(ન) રોડ મગનભાઇ પટેલની વાડીમાં તા.જી.મોરબી મુળગામ-બરજાપુર તા.ભાભરા જી.અલીરાજપુર મધ્યપ્રદેશ વાળાની તલાસી લેતા તેના ઓએસેથી વિદેશી દારૂ બીગપાપર ડિલક્ષ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૧૦ બોટલ કિ.રૂ.૭,૦૦૦/- મળી આવી હતી. જેથી તુરંત પોલીસે આરોપીની અટકાયત કરી તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર નેશનલ હાઈવે ઉપર રોંગ સાઈડમાં આવતું મોટર સાયકલ ડમ્પર સાથે અથડાતા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે ઉપર ડમ્પર અને મોટર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં મોટર સાયકલ ચાલકનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે રોંગ સાઈડમાં ફૂલ સ્પીડમાં આવતું મોટર સાયકલ ડમ્પર સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. હાલ મૃતક મોટર સાયકલ ચાલક વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસે ગુનો નોંધી, પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના ગનવાની જીલ્લાના રાજપુર ગામના વતની અને હાલ વાંકાનેર ખાતે આવેલ સાનવી પ્લાસ્ટિક કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા આકાશભાઈ કાલુભાઈ ભાંભર ગઈકાલ તા.૦૧માર્ચના રોજ સવારે ઉપરોક્ત કારખાનેથી પોતાનું મોટર સાયકલ રજી.નં. એમપી-૧૧-એનજે-૦૩૩૦ લઈને દૂધ લેવા જતો હોય ત્યારે પોતાનું મોટર સાયકલ ફૂલ સ્પીડના અને બેદરકારીથી ચલાવી આવી સામેથી આવતા ડમ્પર રજી.જીજે-૦૯-એવી-૨૪૨૩ સાથે અથડાયું હતું. અને મોટર સાયકલ સહિત આકાશભાઈ ડમ્પરની નીચે ઘુસી ગયા હતા, જે વાળ ક્રેઇનની મદદથી મોટર સાયકલ અને તેના ચાલકને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારે માથામાં ગંભીર ઇજાઓને કારણે આકાશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ મૃતકના કૌટુંબિક બનેવી સુખરામભાઈ મુન્નાભાઈ ઉર્ફે ઓમભાઈ બોરોલેની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે મૃતક આકશભાઈ સામે એમવી એક્ટ તથા બીએનએસ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબીના વસંત પ્લોટમાં પાર્ક કરેલ કારના કાચ તોડતા અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં ફરી એકવાર પોલીસની નાઈટ પેટ્રોલિંગની પોલ ખુલ્લી છે, જેમાં વસંત પ્લોટ વિસ્તારમાં ઘર અને કોમર્શિયલ સ્થળે પાર્ક કરેલી કારોના કાચ તોડી નુકસાન પહોંચાડ્યાના બનાવ અંગે સીસીટીવી ફુટેજમાં દેખાતા ત્રણ અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ એક જ રાત્રી દરમિયાન છાત્રાલય રોડ અને મુનનગર વિસ્તારમાં પણ રહેણાંક અને ઓફિસો બહાર પાર્ક કરેલ ૧૫ જેટલી કારના કાચ તોડાયા હોવા અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી.

મોરબી શહેરમાં અસામાજિક તત્વો દ્વારા રાત્રિના સમયે પાર્ક કરેલી કારોને નિશાન બનાવવાના બનાવો વધતા જોવા મળી રહ્યા છે. શનમાં રોડ વસંત પ્લોટ વિસ્તારમાં આવેલી એક કોમર્શિયલ ઓફિસ બહાર પાર્ક કરેલી લોડિંગ કેરી ગાડીનો મેઈન કાચ તોડી નુકસાન કરાયું હોવાનું બહાર આવ્યું છે.

જે બનાવ અંગે ફરિયાદી કાનાભાઈ પાલાભાઈ ડાંગર ઉવ. ૩૬ જે બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડ કંપનીમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવે છે, તેમણે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમની કંપનીની મારુતિ સુઝુકી કેરી રજી. નં. જીજે-૦૩-બીઝેડ-૪૯૪૯ ગાડી રાત્રે ઓફિસ બહાર પાર્ક કરવામાં આવી હતી. ગત તા.૧ માર્ચ ૨૦૨૬ની વહેલી સવારે લગભગ ૨.૪૨ વાગ્યાના આસપાસ ત્રણ અજાણ્યા શખ્સો મોટરસાયકલ પર આવી ધોકા વડે ગાડીનો આગળનો કાચ તોડી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં ઘટના સ્પષ્ટ જોવા મળી પરંતુ અંધારાના કારણે વાહનનો નંબર સ્પષ્ટ દેખાયો ન હતો. ત્યારે આ બનાવમાં અંદાજે રૂ.૬,૦૦૦નું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શક્તિ પ્લોટમાં પણ એક રહેણાંક મકાન બહાર પાર્ક કરેલી કાર રજી. નં. જીજે-૩૬-બી-૦૦૪૯નો કાચ તોડી અંદાજે રૂ.૮,૦૦૦નું નુકસાન કરાયું હતું. આ સિવાય તે જ રાત્રી દરમિયાન છાત્રાલય રોડ અને મુનનગર વિસ્તારમા પણ આશરે ૧૫ કારોના કાચ તોડવાના બનાવો સામે આવ્યા હતા. હાલ પોલીસે અજાણ્યા ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# RAJ COLLING SYSTEMS PVT.LTD દ્વારા વિઝન ૨૦૩૦ની પ્રથમ વર્ષગાંઠ યોજાઈ: ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**




રાજકોટ ખાતે RAJ COLLING SYSTEMS PVT.LTD દ્વારા વિઝન ૨૦૩૦ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય કોર્પોરેટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કંપની પારો અગાઉથી ૪ વર્લ્ડ રેકોર્ડસનું ગૌરવ હતું અને હવે વિશ્વના સૌથી મોટા એર પ્યુરીફાયર માટે ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મેળવી ૫મો વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યો છે. જે કંપની માટે ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. આધુનિક સોલાર આધારીત ટેકનલોજી BLDC સીસ્ટમ જેપનીઝ ટેકનોલોજી અને હાઈ-કેપેસીટી ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઇન ધરાવતા આ એર પારીફાયર દ્વારા કંપનીએ વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ સ્થાપિત કરી છે. કાર્યક્રમ દરમિયાન કંપનીએ બે નવી બ્રાન્ડસનું પણ લોન્ચીંગ કર્યું. Agreyas બ્રાન્ડ વ્હાઇટ ગુડસ રોગમેન્ટમાં પ્રવેશ કરશે, જેમાં એસી, ગીઝર અને વોશીંગ મશીનોનો સમાવેશ થાય છે. આ બ્રાન્ડના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે બોલીવુડ અભિનેતા ઈમરાન હાશ્મીની જાહેરાત કરવામાં આવી. બીજી તરફ Kiozy+ ખાસ એર પ્યુરીફાયર રેન્જ પર કેન્દ્રીત રહેશે. જે ઈન્ડોર વેલનેસ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપશે. Kiozy+ માટે બ્રાન્ડ એમ્બેરોડર તરીકે જાણીતી અભિનેત્રી ભાગ્યશ્રીની જાહેરાત કરવામાં આવી. આ અવસરે કંપનીને ઇનક્રેડીબલ વર્કપ્લેસ સર્ટીફિકેટથી પણ સન્માનીત કરવામાં આવી. જે કર્મચારી-કેન્દ્રીત કાર્ય સંસ્કૃત મુજબ ટીમવર્કનો પુરાવો છે. કાર્યક્રમની વિશેષતા તરીકે કંપનીના CMD Kalpesh Ramoliya દ્વારા લખાયેલ પ્રેરણાત્મક પુસ્તક Risk is The Real Capitalનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું

# મોરબીના પંચાસર રોડ ઉપર મોટર સાયકલ આડે ખુટીયો ઉતરતા યુવકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પંચાસર રોડ મામાદેવ મંદિર પાસે માર્ગ અકસ્માતની ઘટનામાં યુવકને ગંભીર ઇજાઓ પહોચતા તેનું સારવાર દરમિયાન મોરબી બાદ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, મોરબી તાલુકાના ધૂળકોટ ગામે પોતાના મામા સાથે રહેતા યુવરાજ હસમુખભાઈ ઝાલા ગત તા.૧૬/૦૨ના રોજ પોતાના હવાલા વાળું હીરો ડિલક્ષ રજી.નં. જીજે-૩૬-એજી-૩૫૧૮ વાળું મોટર સાયકલ લઈને રાત્રીના ફૂલ સ્પીડમા મોરબીથી ધૂળકોટ આવતો હોય ત્યારે પંચાસર રોડ ઉપર મામદેવના મંદિર પાસે અચાનક મોટર સાયકલ આડે ખુટીયો ઉતરતા મોટર સાયકલ સ્લીપ થયું હતું. અકસ્માતમાં બાઈક ચાલક યુવરાજને માથામાં અને મોઢાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી, ત્યારે સ્થાનિકો દ્વારા ૧૦૮ મારફત તેને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા જ્યાં આઠ દિવસની લાંબી સારવાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવેલ જ્યાં સારવાર કારગત ન નિવડતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં યુવરાજે દમ તોડ્યો હતો. અકસ્માતની આ ઘટના મામલે મૃતકના મામાની ફરીયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મૃતક મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાના મિતાણા નજીક પીજીવીસીએલના એલ્યુમિનિયમ વાયર ચોરીનો વધુ એક બનાવ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા વિસ્તારમાંથી પીજીવીસીએલના આશરે રૂ.૩.૯૫ લાખના એલ્યુમિનિયમ વીજ વાયરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. અગાઉ સાવડી ગામ પાસે રૂ.૧.૯૪ લાખના વાયર ચોરી થયા બાદ હવે વધુ એક બનાવ સામે આવતા પંથકમાં ચકચાર મચ્યો છે. હાલ ટંકારા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ બીએનએસ તથા ઈલેક્ટ્રિકસીટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા તાલુકામાં વીજ વિભાગની માલિકીના એલ્યુમિનિયમ વાયર ચોરીના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. તાજેતરમાં મિતાણા નાના ડેમ વિસ્તાર તથા હીરાપર પાટીયા પાસે આવેલા વિવિધ ફીડર લાઇનમાંથી કુલ રૂ.૩,૯૫,૫૭૭ કિંમતના એલ્યુમિનિયમ વાયરની ચોરી થયાની ફરિયાદ પીજીવીસીએલના નાયબ ઈજનેર અશ્વિનભાઈ દીનેશભાઈ ભુવા દ્વારા ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ તા.૪ ફેબ્રુઆરી ૨૦૨૬ સાંજે ૫ વાગ્યાથી તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સવારે ૯:૩૦ વાગ્યા પૂર્વે કોઈ અજાણ્યા શખ્સોએ મિતાણા ૬૬ કે.વી. સબસ્ટેશન નજીક ૧૧ કે.વી. જી.આઇ.ડી.સી. ફીડરના ૧૦૦ ના ૧૫ ગાળા (૧૫૭૫ મીટર), ખોડીયાર ખેતીવાડી ફીડરના ૫૫ ના ૧૬ ગાળા (૧૬૮૦ મીટર), તેમજ હાઈવે અને અરણેશ્વર વર્કસ ફીડર વિસ્તારમાંથી ૧૦૦ ના કુલ ૫૫૬૦ મીટર અને ૫૫ ના ૧૬૮૦ મીટર જેટલા વાયર ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે ટંકારા પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમ ૩૦૩(૨) તથા ઈલેક્ટ્રીસિટી એક્ટ કલમ ૧૩૬ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં ટંકારા તાલુકાના સાવડી ગામ પાસે આવેલા અરણેશ્વર ફીડર વિસ્તારમાંથી આશરે રૂ.૧.૯૪ લાખના એલ્યુમિનિયમ વાયરની ચોરી નોંધાઈ હતી. વારંવાર થતા આવા બનાવોને કારણે ટંકારા પંથકમાં ચિંતા ફેલાઈ છે. હાલ પોલીસને પડકાર અજાણ્યા ચોર ઈસમોને ઝડપી લેવા ટંકારા પોલીસે તપાસની તજવીજ તેજ કરી છે.

# રાજયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી કરતું વિજ્ઞાન જાથા

**મુખ્ય સમાચાર, રાજકોટ**




ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા દેશભરમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય કચેરીએ વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી કરી હતી. રાજયમાં જિલ્લા મથકોએ વિજ્ઞાન વિષયક વિવિધ સ્પર્ધાઓ, રેલી સફળતાથી સંપન્ન થઈ હતી. રાજકોટ ખાતે રાજયકક્ષાના કાર્યક્રમમાં વિજ્ઞાન અભિગમ-દષ્ટિકોણથી જ રાષ્ટ્રની પ્રગતિ થાય તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રાજમાર્ગો ઉપર રેલીએ જબરૂ આકર્ષણ જમાવ્યું હતું.

રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ કરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણીના વિવિધ પાસાઓની વાત કરી હતી. ડૉ. સી. વી. રામનની શોધ માનવજાત માટે ઉપકારક સાબિત થઈ તેની માહિતી આપી હતી. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થયો. વિજ્ઞાને અનેક રહસ્યો ખોલી માનવ કલ્યાણકારી સાબિત થયેલ છે. વિજ્ઞાનના આવવાથી અવતારો-તારણહાર, ચમત્કારો આપોઆપ બંધ થઈ ગયા તે સિધ્ધિ સૌ કોઈ નજરે જોઈએ છીએ. વિજ્ઞાનનો ઉપયોગ કેમ કરવો તે માણસ ઉપર વિચારાધિન છે. અંધશ્રદ્ધાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. કર્મકાંડ-ક્રિયાકાંડોથી માનવ જાતને અધોગતિ-બરબાદી મળી છે તેથી સાવધાન રહેવાની જરૂર છે. અવકાશી ખગોળીય ઘટના માણવા-જાણવા માટે હોય છે. સરકારે પ્રત્યેક ઘરોમાં ટેલીસ્કોપ-દૂરબીન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. દેશની પ્રગતિમાં અવરોધક પરિબળ વસ્તી વિસ્ફોટ સાથે અશિક્ષિત, ગરિબાઈ, અસમાનતા, નાત-જાત-કોમના ભેદભાવ કારણભૂત છે તેનું સચોટ નિરાકરણ જ સમૃધ્ધિ તરફ દોરી જાય છે.

વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે આજે રાજયના જિલ્લા, તાલુકા, શાળાઓમાં વિજ્ઞાન દિનની ઉજવણીમાં સફળતા મળી છે તેના કારણમાં જાથાનું લોકહૃદયમાં સ્થાન છે. રાજકોટમાં વિજ્ઞાન રેલીએ જબરૂ આકર્ષણ ઉભું કર્યું હતું. માર્ગો ઉપર વિજ્ઞાન આવે અંધશ્રદ્ધા ભાગે, ભુવા ભાગેના સુત્રોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. ન્યુ પરિમલ સ્કૂલમાં સંચાલક, શૈક્ષણિક સ્ટાફના ઉત્સાહના કારણે આયોજનોને સફળતા મળી હતી. ડૉ. સી. વી. રામનની ઈફેકટ, પ્રભાવ શોધની વાત કરી છાત્ર-છાત્રાઓને પ્રોત્સાહિત કરી નવા સંશોધનના માર્ગની વાત કરી હતી. વિજ્ઞાનમાં કોઈપણ ઘટના પાછળ વિજ્ઞાનનો ક્રિયા-કારણનો સંબંધ, પ્રયોગસિદ્ધ, તર્કબદ્ધ, સાર્વત્રિક નિયમ બાબતે જાણકારી આપવામાં આવી હતી. વિજ્ઞાનમાં જો અને તો ને સ્થાન નથી. જાથા બોલે છે તેપ્રમાણે આચરણ હોય લોકોમાં વિશ્વાસ ઉભો થયો છે. જાથા સામેના આક્ષેપો બેબુનિયાદ સાબિત થયા છે. જાથાની તટસ્થતા બાબતે કોઈ શંકા કરતું નથી. આજે જિલ્લા, તાલુકા મથકે સ્પર્ધાઓમાં પ્રાથમિકથી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વૈજ્ઞાનિક મિજાજ કેળવવાન કાર્યક્રમોએ લોકચાહના મેળવી હતી.

ન્યુ પરિમલ સ્કૂલના સંચાલક ચંદ્રકાન્તભાઈ મંડિર, બ્રહ્મસમાજના કેતનભાઈ બોરીસાગર, બ્રિજેશભાઈ મંડિર, આચાર્યા અલ્પાબેન જોષી, રમેશભાઈ વ્યાસ પ્રાસંગિક ઉદ્બોધન કરી વિજ્ઞાન જાથાના કાર્યોની પ્રશંસા કરી હતી.

શાળાના ટ્રસ્ટી ચંદ્રકાન્તભાઈ મંડિર, તેની ટીમનું જાથાએ સન્માન કર્યું હતું. મંડિર પરિવાર શિક્ષણ સાથે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિમાં બહાર લાવવા માટે કટિબદ્ધ હોય છે. આ શાળાના કાર્યક્રમોથી વાલી, શિક્ષણપ્રેમીઓમાં હુંફનું વાતાવરણ ઉભું થાય છે. આચાર્યા અલ્પાબેન, બ્રીજેશભાઈ મંડિરે શાળાનો પરિચય આપી આગામી વિજ્ઞાન રેલીની માહિતી આપી હતી.

વિજ્ઞાન રેલીમાં ન્યુ પરિમલ સ્કૂલના છાત્ર-છાત્રાઓ, શિક્ષક ભાઈ-બહેનો ઉપરાંત જાથાના પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, નિર્ભય જોશી, રોમિત રાજદેવ, ભાનુબેન શેઠીયા સહીત જાગૃતોએ મશાલ સરઘસ, વિજ્ઞાન સુત્રો, બેનર સાથે આગેવાની લીધી હતી. શાળાના વિદ્વાન શિક્ષક રમેશભાઈ વ્યાસે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. માર્ગો ઉપર માઈક ઉપર વિજ્ઞાન સુત્રો બોલાવી છાત્ર-છાત્રાઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના સંચાલકો અલ્પાબેન, બ્રિજેશભાઈ મંડિર અને ચંદ્રકાંતભાઈ મંડિરે સ્પર્ધાઓ, વિજ્ઞાન રેલીનું સફળ સંચાલન કરી સફળતા પ્રાપ્ત કરી હતી. વિજ્ઞાન દિવસની ઉજવણી રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, હિંમતનગર, રાજપીપળા, ડાંગ-આહવા, છોટા ઉદેપુર, ગોધરા, વ્યારા, પંચમહાલ, મોડાસા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા-તાલુકા મથકે સફળતાથી સંપન્ન થઈ હતી.

રાજયભરમાં જિલ્લા-તાલુકા મથકે વિજ્ઞાનની વિવિધ સ્પર્ધાઓ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમો સાથે વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગામેગામ જાગૃતો જોડાયા હતા.

રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.


## " મુખ્ય સમાચાર " માસિક

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રુલ્સ ૧૯૫૨) ના અન્વયે "મુખ્ય સમાચાર" સાંધ્ય દૈનિક અંગેની માહિતી

(ફોર્મ – ૪ જુઓ નિયમ – ૮)

| | |
|---|---|
| **પ્રકાશન સ્થળ :** | ૪/૫, કોર્નર દિપક સોસાયટી, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭, ગુજરાત |
| **સામાયિકતા:** | સાંધ્ય દૈનિક |
| **મુદ્રકનું નામ :** | રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા |
| **નાગરીકતા :** | ભારતીય |
| **સરનામું :** | આર. પી. પબ્લીકેશન, ૩૧–એ, જય જલારામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એનએચ ૮બી, રૂડા ટ્રાન્સપોર્ટનગર પાછ, પોસ્ટ સોખડા, રાજકોટ–૩૬૦૦૦૩ ગુજરાત |
| **પ્રકાશકનું નામ :** | રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા |
| **નાગરીકતા :** | ભારતીય |
| **સરનામું :** | ૪/૫, કોર્નર દિપક સોસાયટી, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭, ગુજરાત |
| **તંત્રીનું નામ :** | રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા |
| **નાગરીકતા :** | ભારતીય |
| **સરનામું :** | ૪/૫, કોર્નર દિપક સોસાયટી, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭, ગુજરાત |
| **માલિકનું નામ :** | રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા |
| **નાગરીકતા :** | ભારતીય |
| **સરનામું :** | ૪/૫, કોર્નર દિપક સોસાયટી, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭, ગુજરાત |

હું રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા આથી જાહેર કરૂં છું કે ઉપર લખેલ તમામ વિગતો મારી વધુમાં વધુ જાણ અને માહિતી મુજબ ખરી છે.

તા. ૦૨-૦૩-૨૦૨૬
**રાજકોટ**

**રાજદીપસિંહ મનોહરસિંહ ઝાલા**
**પ્રકાશક**

# શહેરના સામાકાંઠે વોર્ડ નં.૧૫માં મચ્છરોનું સામ્રાજ્ય







**આજીનદીમાં મચ્છરોનો ઉપદ્રોવથી થોરાળા વિસ્તારના લોકો ત્રાહિમામ : ડેન્ગ્યુ, મેલેરીયા અને વાયરલ ફિવર જેવી બિમારીઓનું ઘરે-ઘરે દસ્તક : મનપાનું આરોગ્ય તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની આજીનદીમાં ગાંડીવેલનો સમયસર નિકાલ તંત્ર દ્વારા કરવામાં નહિં આવતા મચ્છરોના ત્રાસનો શહેરીજનો ભોગ બની રહ્યા છે અને પરિણામે આ વિસ્તારોમાં સ્થાનિક લોકો ડેન્ગ્યુ, મેલેરિયા અને વાયરલ ફિવર જેવી બિમારીઓ સાથે જીવન જીવવા નાછૂટકે ફરજ પડી રહી છે. પરંતુ જવાબદાર મનપાના આરોગ્ય તંત્ર કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.

રાજકોટના ઈતિહાસમાં સૌથી વધુ મોટુ ડિમોલેશન કહેવાતું જંગલેશ્વરનું ડિમોલેશન ગઇ તા.૨૩ ફેબ્રુઆરીના મનપાના અધિકારીઓ દ્વારા યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું હતું અને અનેક મકાનો જમીન દોસ્ત કરી દેવામાં આવ્યા હતા. પરંતુ આ કાર્ય તંત્ર દ્વારા આજી રીવરફ્રન્ટના પ્લાનમાં આવેલ રોડ રસ્તા માટે કરવામાં આવ્યું હતું. શહેરમાં સૌવનો સાથ સૌવનો વિકાસના બુમરાળા પાડતા પદાધિકારીઓ અને અધિકારીઓની નજરે આજીનદીમાં આવેલી ગાંડીવેલ શું ? નજરે નથી પડતી આ ગાંડીવેલ નદીમાંથી નાશ કરવાની કાર્યવાહી મહાનગરપાલિકાના અધિકારીઓને સ્થાનિક લોકો દ્વારા રજૂઆતો કરવા છતાં આ કામગીરી સમયસર ન કરવામાં આવતા જેના કારણે આજીનદીના આસપાસના વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ વધી ગયો હોય જેના લીધે સ્થાનિક લોકો મચ્છરના રાજમાં ત્રાહિમામ પોકારી ગયા છે. ગયા સપ્તાહે થોરાળા વિસ્તારમાં સ્થાનિક લોકોમાં ડેન્ગ્યુ, મેલેરીયા અને વાયર ફિવર જેવી બિમારીઓનું પ્રમાણ વધી ગયું હોય જેના કારણે લોકો દ્વારા સ્થાનિક કોર્પોરેટર અને વિરોધ પક્ષના નેતા વશરામભાઇ સાગઠીયાને રજૂઆત કરી હતી. જેના પગલે વશરામભાઇ સાગઠીયાએ લેખીતમાં મ્યુની. કમિશનરને આવેદન પત્ર પાઠવી તાકીદે કાર્યવાહી કરવા માગ કરવામાં આવતા મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રની આંખ ઉઘડી હોય તેમ અને કુંભકર્ણ નિદ્રામાંથી ઉઠી વિસ્તારમાં મચ્છરને ભગાવવા ધુવાણો કરવામાં આવ્યો હતો પરંતુ મચ્છરના ઉપદ્રવથી ત્રાહિમામ પોકારી ગયેલા લોકો મચ્છર રાજ અંગે વધુને વધુ રજૂઆતો કરી રહ્યા છે.

### ભાવનગર પંથકમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના ધામા

# મહુવાના ભદ્રેડ ગામે SMCએ દરોડો પાડી ૧૬૪૧૪ બોટલ દારૂ પકડયો

**ટ્રકના ચાલકની ધરપકડ કરી કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો : નામચીન બુટલેગર સહિત રાજસ્થાનના ત્રણ શખ્સોની શોધખોળ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનું વધુ એકવાર એસએમસીની ટીમે સાબીત કર્યુ છે. ગુજરાતના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પોલીસની મીલીભગતથી પુરજોશમાં ચાલતા દારૂના હાટડા પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયએ ધોસ બોલાવવાની આપેલી સુચનાના પગલે એસએમસીની ટીમે ભાવનગર પંથકમાં ધામા નાખી ગત સપ્તાહે તળાજા પાસેથી લાખોનો વિદેશી દારૂ ઝડપી પાડયા બાદ વધુ એકવાર એસએમસીની ટીમને સફળતા મળી છે. ગઇકાલે ભાવનગરના મહુવા તાલુકાના ભદ્રેડ ગામે બાતમીના આધારે એસએમસીની ટીમે દારૂ ભરેલા ટ્રક સાથે ચાલકની ધરપકડ કરી



રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરતા બુટલેગર આલમમાં સોપો પડી ગયો હતો.

આ અંગેની માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયની સુચનાથી એસએમસીના પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં દારૂબંધીની કડક અમલવારી અને સરાજાહેર ખુલ્લેઆમ દારૂનો વેપલો કરતા બુટલેગરો સામે કડક કાર્યવાહીની સુચનાના પગલે એમએમસીના પીઆઇ એમ.એસ.ત્રીવેદી અને તેની ટીમના પોલીસ જવાનોએ ભાવનગર પંથકમાં ધામા નાખ્યા હોય ગઇકાલે ચોક્કસ બાતમી મળી હતી કે, મહુવાના ભદ્રેડ ગામે એચ.પી.ના પંપ પાસે એક ટ્રકમાંથી વિદેશી દારૂનું કટીંગ થવાનું હોવાની હકિકતના આધારે એસએમસીની ટીમે ઉપરોકત સ્થળે દરોડો પાડતા ટ્રક નંબર જીજે૦૨ઝેડ૮૨૩૨ માં ચાલક હનુમાનરામ મંગીલાલ બિશ્નોઇ (રહે.સદરમકી બેરી, પીએસસેડવા, તા.સેડવા, જી. બાડમેર, રાજસ્થાન)ને અટકાયતમાં લઇ ટ્રકની તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૬૪૧૪ બોટલ કિંમત રૂ.૭૮.૨ લાખનો જથ્થો કબ્જે કરી ઝડપાયેલા ટ્રક ચાલક હનુમાનરામ બિશ્નોઇની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનના બાડમેરથી ભરત દેવાસીએ મોકલાવ્યો હોવાનું અને આ ટ્રક પટીયાલા ખાતે એક અજાણ્યો શખ્સ પહોંચાડી ગયો હોય તથા મહુવા ખાતે બુટલેગરને પહોંચાડવાનું જણાવતા પોલીસે ટેન્કરના માલિક સહિત ચાર શખ્સોની શોધખોળ આદરી ટેન્કર સહિત કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

# ઈન્ચાર્જ પોલીસવડા ડૉ.કે.એલ.એન.રાવે જંગલેશ્વરની મુલાકાત લીધી

### ગેરકાયદેસર દબાણ બાકી રહ્યું તેને હટાવાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોમવારે રાજકોટ મહાપાલિકા દ્વારા શહેરના અત્યંત સંવેદનશીલ વિસ્તાર એવા જંગલેશ્વરમાં ગેરકાયદેસર રીતે ઉભી થયેલી ૧૫૦૯ મિલકતો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું ત્યારે અહીં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે પોલીસ દ્વારા પણ રાત-દિવસ એક કરવામાં આવ્યા હોય રવિવારે રાજકોટની મુલાકાત દરમિયાન ઈન્ચાર્જ પોલીસવડા ડૉ.કે.એલ.એન.રાવ દ્વારા જંગલેશ્વરની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન પોલીસ કમિશનર, અધિક પોલીસ



કમિશનર, તમામ ડીસીપી સહિતના ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ડિમોલિશન દરમિયાન પોલીસે કરેલી કામગીરીની તમામ વિગતથી ડીજીપીને વાકેફ કર્યા હતા. આ પછી પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ડીજીપી દ્વારા પોલીસની કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ.રાવ દ્વારા એમ પણ જણાવાયું હતું કે જંગલેશ્વરમાં હિસ્ટ્રિશીટર સહિતનાએ બનાવેલી ગેરકાયદેસર ઓરડી સહિતના દબાણ તોડી પાડવામાં આવ્યા છે ત્યારે આવનારા દિવસોમાં અહીં ગેરકાયદેસર જે પણ બાકી રહ્યું છે તેને હટાવી જંગલેશ્વરને 'કાઈમમુક્ત કરવામાં આવશે.

# બેડી ચોકડી પાસે ભઠ્ઠીમાં બ્લાસ્ટ થતા શ્રમિકનું મોત

### ગુરૂદેવ સ્ક્રેપના કારખાનામાં કામ કરતી વખતે સર્જાયો અકસ્માતઃ સારવાર દરમિયાન ૪૫ વર્ષીય પ્રૌઢે દમ તોડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડી ચોકડી વિસ્તારમાં આવેલા એલ્યુમિનિયમ ઓગાળવાની ભઠ્ઠીમાં શીનવારે અચાનક થયેલા બ્લાસ્ટને કારણે અહીં કામ કરતાં ૪૫ વર્ષીય પ્રોઢ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તેઓએ સારવારમાં દમ તોડી દીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, બેડી ચોકડી પાસે આવેલા 'ગુરૂદેવ સ્ક્રેપ' નામના કારખાનામાં શનિવારે સાંજે કામગીરી ચાલી રહી હતી. આ સમયે એલ્યુમિનિયમની ભઠ્ઠીમાં અચાનક જોરદાર ધડાકો થયો હતો. આ બ્લાસ્ટની ઝપેટમાં ત્યાં કામ કરી રહેલા શ્રમિક ગુરુ જેદીભાઈ નિષાદ (ઉં.વ. ૪૫) આવી ગયા હતા.બ્લાસ્ટ એટલી ભયાનક હતો કે ગુરુભાઈને પેટના ભાગે અને શરીરના અન્ય અંગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જોકે, તેમની હાલત અત્યંત નાજુક હોવાથી ડોક્ટરોની મહેનત છતાં તેઓ જીવી શક્યા નહોતા અને સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મૃતક ગુરુભાઈ રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં રહેતા હતા. આ અચાનક બનેલી ઘટનાથી તેમના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# એસ્ટ્રોન ચોક પાસે પોલીસની ઓળખ આપી રૂ.30 હજાર પડાવનાર શખ્સ ઝડપાયો

### એ-ડિવિઝન પોલીસે બનાવની ગણતરીની કલાકોમાં જ દુધસાગર રોડ પર હાઉસીંગ બોર્ડમાં રહેતા શખ્સને દબોચી લઇ એક્ટિવા સહિત રૂ.૮૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટાગોર રોડ પર આવેલા એસ્ટ્રોન ચોક નજીક એક યુવાનને પોલીસની ખોટી ઓળખ આપી ડરાવી ધમકાવી બળજબરી પૂર્વક રૂ.૩૦૦૦૦નો તોડ બોગસ પોલીસે કર્યાની ઘટનામાં એ-ડિવિઝન પોલીસે બનાવની ગણતરીની કલાકોમાં જ ભેદ ઉકેલી નાખી સામાકાંઠે હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહેતા શખ્સને દબોચી લીધો હતો.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર પરાપીપળીયા પાસે એકતા સોસાયટીમાં રહેતો જનાધન રામનરેશ સહાની (ઉ.વ.૪૭) નામના યુવાને એ-ડિવિઝન પોલીસમાં અજાણ્યા બે શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, પોતે ટાગોર રોડ પર એસ્ટ્રોન ચોક નજીક હતો ત્યારે



તસવીર : ગૌરવ લશ્કરી

એક્ટિવામાં બે શખ્સોએ તેને આંતરી પોતે પોલીસ હોવાનું કહી તું ચાલ પોલીસ સ્ટેશને તેમ બળજબરીથી ડરાવી ઈરાદા પૂર્વક રૂ.૩૦૦૦૦ રોકડા પડાવી લીધાની ફરીયાદ એ-ડિવિઝન પોલીસમાં નોંધાવી હતી. બનાવના પગલે હેડ કોન્સ. રવિભાઇ બાવળવાએ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. આ ઘટના બાદ એ-ડિવિઝન પોલીસના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઇ એસ.એમ.રાણા, હેડ કોન્સ. કનુભાઇ, સાગરભાઇ, ધર્મેશભાઇ સહિતના સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન હેમુ ગઢવી હોલ પાછળથી સંદિપ કિશોર રામાવત (રહે.દુધસાગર રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કવોર્ટર)ને અટકાયતમાં લઇ આકરી પુછપરછ કરતા તેણે પોતાનું એક્ટિવા નંબર જીજે૦૩એનએ૪૩૯૮ લઇ એસ્ટ્રોન ચોક પાસે યુવાનને આંતરી રૂ.૩૦૦૦૦ બળજબરીથી કઢાવ્યાની કબુલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી એક્ટિવા સહિત રૂ.૮૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ જીલ્લા જેલમાંથી પેરોલ જંપ કરનાર પાકા કામનો કેદી શાપર-વેરાવળથી પકડાયો

### બળાત્કાર, પોકસોના બે ગુન્હામાં આજીવન કેદની સજા પામેલ પાકા કામના કેદીએ રાજકોટ જેલમાંથી પેરોલ જંપ કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા જેલનો પાકા કામના કેદી અને ધોરાજી-જેતપુર તથા વલસાડમાં ગંભીર ગુન્હામાં સજા પામેલ કેદી પેરોલ પર છૂટયા બાદ પેરોલ જંપ કરી જતા ગ્રામ્ય એલસીબીની ટીમે શાપર-વેરાવળના બસ સ્ટોપ પરથી દબોચી લઇ જેલ હવાલે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પેરોલફલો સ્કોડના પીએસઆઇ પી.એન.ભરવાડ, એએસઆઇ બાલકૃષ્ણભાઇ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં નાસતાફરતા આરોપીઓને શોધવા અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, બળાત્કાર તથા પોકસોના બે ગુન્હામાં આજીવન કેદની સજા પામેલ અને રાજકોટ મધ્યસ્થત જેલ ખાતેથી વચગાળાના



જામીન રજા મેળવી ફરાર થયેલો પાકા કામનો કેદી ગોપાલ બચુ વેકરીયા (રહે.મોટાગુંદાળા, તા.જેતપુર) નામનો શખ્સ શાપર-વેરાવળ બસ સ્ટેશન પાસે હોવાની હકિકત મળતા પોલીસ ઉપરોકત સ્થળે દોડી જઇ પાકા કામના કેદી ગોપાલ વેકરીયાની અટકાયત કરી રાજકોટ જીલ્લા જેલના હવાલે કર્યો છે.

# સૌરાષ્ટ્રના દરિયા કિનારેથી ડ્રગ્સના દુષણને દુર કરોઃ ઈન્ચાર્જ ડીજીપી

### સરકારી કચેરી, કોર્ટ અને સ્કુલને ઉડાવી દેવાની ધમકીનાં કેસમાં આરોપીઓને પકડવા મુળ સુધી પહોંચ્યાઃ સાયબર ફ્રોડમાં રિકવરી રેટ વધારવા તુરંત ફરીયાદ કરવા ડીજીપીની અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના પોલીસ વડા કે, એલ. એન. રાવ દ્વારા આજે ૧ માર્ચના સૌરાષ્ટ્ર રિજિયનની ક્રાઈમ કોન્ફરન્સ સંબોધવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં રાજકોટ, જૂનાગઢ, ભાવનગર રેન્જ સહિતના રેન્જ આઈજી, પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડા તેમજ સહિતના પોલીસ અધિકારીઓ હાજર રહ્યાં હતાં. સૌરાષ્ટ્રના દરિયા કિનારેથી ઝડપાતા ડ્રગસ સહિતના નશાકારક પદાર્થો અંગે ચિંતા વ્યક્ત કરી વિશેષ ધ્યાન આપવા સૂચના અપાઈ હતી. તો સાયબર ફ્રોડના વધતા કેસો અટકાવવાની સાથે લોકોને ઝડપી રિકવરી મળે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન રૂ.૫૦ કરોડ પરત અપાયા હોવાનું જાહેર કરાયું હતુ. આ ઉપરાંત રાજ્યમાં સરકારી કચેરીઓ, કોર્ટ અને સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના કેસોમાં આરોપીને પકડવા માટેના સોર્સ સુધી પહોંચી ગયાનું જાહેર કર્યું હતું, પરંતુ તે સોર્સ વિદેશમાં હોય તેના માટે સેન્ટર ઓફ એક્સેલન્સ અને હાઈએસ્ટ લેવલની કાઈમ બ્રાન્ચની



ટીમ કાર્યરત હોવાનું જણાવ્યુ હતુ, જ્યારે રાજકોટ શહેરમાં કાઈમ થયા બાદ પોલીસમાં રિસ્પોન્સ ટાઈમ ૧૪ મિનિટથી ઘટીને ૭ મિનિટ થયાનું જાહેર કર્યું હતુ.

રાજ્યના ઈન્ચાર્જ પોલીસ વડાકે. એલ. એન. રાવે જણાવ્યુ હતુ કે, સૌરાષ્ટ ઝોનની કાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં રાજકોટ, ભાવનગર અને જુનાગઢ રેન્જ સહિતના વિસ્તારોના આઈ. છે. તેમજ પોલીસ અધિક્ષક તેમજ ડીસીપી સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નાર્કોટિક્સ, સાયબર ફ્રોડ અને રોડ એકસ્માત જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ડાયલ ૧૧૨ અંગે પણ જાગૃતિ આપવાની વાત કરવામાં આવી હતી.

# કાલાવડ રોડ પર કોંગ્રેસ અગ્રણીના મંડપના ગોડાઉનમાં ભીષણ આગઃ લાખોનો સામાન ખાખ

### પામ વિલા સોસાયટીના માથે તોળાતું જોખમ ટળ્યુંઃ ૪ કલાકની ભારે જહેમત બાદ ૨૯ જવાનોએ આગ પર મેળવ્યો કાબુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડથી ન્યારી ડેમ તરફ જવાના માર્ગ પર રવિવારે સાંજે આગની એક મોટી ઘટના સર્જાઈ હતી. અહીં કાર્યરત 'રુદ્ર ઈવેન્ટ' નામની મંડપ સર્વિસના ગોડાઉનમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ઈવેન્ટ ડેકોરેશનનો લાકડાનો સામાન હોવાને કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, આ ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કોંગ્રેસ અગ્રણી અને મંડપ સર્વિસના માલિક મિતુલ દોંગાએ તાત્કાલિક ૧૦૧





નંબર પર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. રાત્રે ૮ વાગ્યાની આસપાસ કાલાવડ રોડ ફાયર સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જોકે, આગની ગંભીરતા જોતા મવડી, રામાપીર અને રેલનગર ફાયર સ્ટેશનની મદદ લેવામાં આવી હતી. ફાયર ઓફિસર અમિત દવે અને અશોકસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ૨૯ જવાનોની ટીમે સતત ૪ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી હતી.

જ્યાં આગ લાગી હતી તેની બિલકુલ નજીક 'પામ વિલા' નામની રહેણાક સોસાયટી આવેલી છે. આગની વિકરાળ જ્વાળાઓ સોસાયટીના મકાનો સુધી પહોંચવાની અણી પર હતી. પરંતુ ફાયર બ્રિગેડના જવાનોએ સમયસૂચકતા વાપરી મોરચો સંભાળી લેતા મોટી હોનારત ટળી હતી. ગોડાઉનમાં લગ્ન પ્રસંગ અને ઈવેન્ટમાં વપરાતો ડેકોરેશનનો કિંમતી સામાન હોવાથી મોટું આર્થિક નુકસાન થયાનો અંદાજ છે.

ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ''અંદાજે ૪ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. આગામી સમયમાં તપાસ બાદ જ નુકસાનીનો સચોટ આંકડો સામે આવશે.''